GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# યુટ્યુબ અને પોડકાસ્ટના માધ્યમથી ગુજરાતી સાહિત્યના પ્રસારનો અભ્યાસ

**ડૉ. અર્પિતા ડી. વાઘેલા**
**અધ્યાપક સહાયક**
**આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ**

**સારાંશ:**

આ સંશોધનનો મુખ્ય ઉદ્દેશ યુટ્યુબ અને પોડકાસ્ટ જેવા ડિજિટલ માધ્યમો દ્વારા ગુજરાતી ભાષામાં સાહિત્યના પ્રસારની કાર્યક્ષમતા અને અસરકારકતાનો અભ્યાસ કરવાનો છે. પ્રસ્તુત સંશોધન માટે વર્ણનાત્મક અભિગમ અપનાવવામાં હતો અને 100 ઉપયોગકર્તાના પ્રતિસાદો આધારિત સર્વેક્ષણ મારફતે માહિતી એકત્રિત કરવામાં આવી હતી. યુટ્યુબની દૃશ્યશ્રાવ્ય ક્ષમતા અને પોડકાસ્ટની લવચીકતા બંને ગુજરાતી ભાષા અને સાહિત્ય માટે અતિ લોકપ્રિય સાધન બની રહ્યા છે. પરિણામે, આ પ્લેટફોર્મો ગુજરાતી સાહિત્યના લોકપ્રિય અને સમકાલીન સ્વરૂપોને વિવિધ સ્તરે વ્યાપક બનાવે છે.

ચાવીરૂપ શબ્દો: ગુજરાતી સાહિત્ય, યુટ્યુબ, પોડકાસ્ટ, ભાષા પ્રસાર, ડિજિટલ મીડિયા, સર્વેક્ષણ

❖ પરિચય:

આધુનિક માહિતીના યુગમાં ઈન્ટરનેટે ભાષા, સંસ્કૃતિ અને સાહિત્યના સંવર્ધન માટે અસરકારક સાધનો પૂરાં પાડ્યા છે. ખાસ કરીને યુટ્યુબ અને પોડકાસ્ટ જેવા પ્લેટફોર્મ દ્વારા સાહિત્ય, કવિતા, વાર્તા અને સંવાદનાં પ્રસારમાં નોંધપાત્ર વધારો થયો છે. ગુજરાતી ભાષા પણ આ પ્રવાહથી અછૂતી રહી નથી. નવી પેઢી સુધી સાહિત્ય પહોંચાડવાનું કાર્ય હવે માત્ર પુસ્તકાલયોમાં નહિ પરંતુ મોબાઇલ સ્ક્રીન અને હેડફોન મારફતે પણ થઈ રહ્યું છે. આ સંશોધન લેખનો મુખ્ય ઉદ્દેશ યુટ્યુબ અને પોડકાસ્ટ દ્વારા ગુજરાતી સાહિત્યના વ્યાપનું મૂલ્યાંકન કરવાનો છે.

❖ સંશોધનના હેતુઓ:

1. યુટ્યુબ અને પોડકાસ્ટના માધ્યમથી ગુજરાતી ભાષાના સાહિત્યિક પ્રસારનું મૂલ્યાંકન કરવું.
2. લોકોના ઉપયોગના ધોરણો અને વલણ સમજવા.
3. શ્રેષ્ઠ પ્લેટફોર્મને ઓળખી તેના શૈક્ષણિક અને સાંસ્કૃતિક ઉપયોગ જાણવા.

❖ સંશોધન પદ્ધતિશાસ્ત્ર (Research Methodology)

પ્રસ્તુત સંશોધનનો અભિગમ વર્ણનાત્મક (Descriptive) છે.

- માધ્યમ: યુટ્યુબ ચેનલ, પોડકાસ્ટ એપ્લિકેશન (Spotify, Google Podcasts, Apple Podcasts)

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

- માહિતી સંગ્રહ:
  - *પ્રાથમિક:* સર્વે અને ઇન્ટરવ્યુ
  - *દ્વિતીય:* યુટ્યુબ ચેનલ, પોડકાસ્ટ એપ્લિકેશનના ડેટા
- પ્રસ્તુત સંશોધનમાં નમૂનાનું કદ 100 રાખવામાં આવેલ હતું. વિશાળ જન સમુદાયમાંથી 60 વિદ્યાર્થી, 25 શિક્ષક અને 15 સાહિત્ય રસિકો જેઓ યુટ્યુબ અને પોડકાસ્ટનો ઉપયોગ કરતા હોય તેવા ઉપયોગકર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

❖ પ્રખ્યાત યુટ્યુબ ચેનલો:

| ચેનલનું નામ | સબ્સ્ક્રાઇબર | મુખ્ય વિષય / ઉદ્દેશ્ય |
|---|---|---|
| RDC Gujarati | 12.9 લાખ | હાસ્ય, શોર્ટ ફિલ્મો, વેબ સિરીઝ |
| TV9 Gujarati | 4.82 લાખ | સમાચાર, રાજકારણ, હાલની ઘટનાઓ |
| ABP Asmita | 1.31 લાખ | ગુજરાતી સમાચાર ચેનલ |
| Kajal oza My Own | 2.84 લાખ | ગુજરાતી લેક્ચર્સ |
| Gyanvatsal swami | 8.89 લાખ | મોટીવેશનલ અને આધ્યાત્મિક |
| Morari bapu | 9.44 લાખ | રામ કથા |
| Jigardhan Gadhavi | 2 લાખ | લોક અને ભક્તિ સંગીત |
| Gujarati Sahitya | 1.8 લાખ | ગુજરાતી કવિતા, વાર્તાઓ, સાહિત્ય |
| Kajal's Vlogs | 1.2 લાખ | કુટુંબ જીવનશૈલી અને રસોઈ વ્લોગ |

❖ પ્રખ્યાત ગુજરાતી પોડકાસ્ટ:

| ક્રમાંક | પોડકાસ્ટનું નામ | પ્લેટફોર્મ | શ્રોતાઓની સંખ્યા (અંદાજિત) | વિષયવસ્તુ |
|---|---|---|---|---|
| 1. | SBS Gujarati – SBS ગુજરાતી | Apple, Spotify, SBS Audio | 25,000+ | Gujarati સમુદાય માટે સમાચાર અને cultural stories |
| 2. | Bhagvat Puran – Marm ni vaat | Apple, Spotify | 25,000+ | શ્રીમદ ભાગવતની વ્યાખ્યા, ભક્તિધર્મ સંબંધિત |
| 4. | Scientific Gujarati Show | Spotify અને અન્ય એપ્સ | 25,000+ | Science, Technology, History & Mystery discussions |

GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

| | | | | |
|---|---|---|---|---|
| 5. | Samvad Gujarati Stories by Riddhi | Apple, Spotify | 25,000+ | Spoken-word ગુજરાતી કવિતા અને વાર્તાઓ |
| 6. | Saagar kathiriya | Luminary, Spotify, youtube | 25,000+ | સંસ્કૃતિ, સાહિત્ય, ફિલસૂફી-આધારિત ચર્ચાઓ |
| 7. | Rupesh Dil Se – Gujarati | Spotify, Apple | 25,000+ | જીવનદશા, પ્રેરણા, આત્મ-વિકાસ વાર્તાઓ |
| 8. | Aapni Vato Aapno Anand | Spotify, Apple | 25,000+ | આધ્યાત્મિક દૃષ્ટિકોએ આધારે આત્મ-શાંતિ અને વિકાસ |

❖ સર્વે ડેટા (પ્રાથમિક માહિતી પર આધારિત વિશ્લેષણ):
પ્રાથમિક માહિતી એકત્રિત કરવા માટે નિયંત્રિત મુલાકાત પદ્ધતિ

નિયંત્રિત મુલાકાતમાં સમાવિષ્ટ પ્રશ્નો:

1. શું તમે ગુજરાતી સાહિત્ય સાથે સંકળાયેલ યુટ્યુબ ચેનલ નિહાળો છો?
2. શું તમે ગુજરાતી સાહિત્યથી જોડાયેલા પોડકાસ્ટ સાંભળો છો?
3. શું આ મંચો તમને ગુજરાતી ભાષાનું શબ્દ ભંડોળ વધારવામાં મદદરૂપ થાય છે?
4. શું આ મંચો તમને ગુજરાતી ભાષામાં રસ વધારવામાં ઉપયોગી છે?
5. શું આ મંચો તમને ગુજરાતી ભાષાની સમજ વધારવામાં મદદરૂપ થાય છે?
6. શું આ મંચો તમને ગુજરાતી ભાષાના વ્યાકરણ સંબંધિત જ્ઞાન વધારવામાં ઉપયોગી થાય છે?
7. શું યુટ્યુબ ચેનલો ગુજરાતી સાહિત્યના પ્રસાર માટે ઉપયોગી છે?
8. શું ગુજરાતી પોડકાસ્ટ ગુજરાતી સાહિત્યના પ્રસાર માટે ઉપયોગી છે?

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

પ્રતિસાદ (100 લોકોના આધાર પર):

| ક્રમ | પ્રશ્ન | હા (%) | ના (%) |
|---|---|---|---|
| 1. | શું તમે ગુજરાતી સાહિત્ય સાથે સંકળાયેલ યુટ્યુબ ચેનલ નિહાળો છો? | 65% | 35% |
| 2. | શું તમે ગુજરાતી સાહિત્યથી જોડાયેલા પોડકાસ્ટ સાંભળો છો? | 76% | 24% |
| 3. | શું આ મંચો તમને ગુજરાતી ભાષાનું શબ્દ ભંડોળ વધારવામાં મદદરૂપ થાય છે? | 77% | 23% |
| 4. | શું આ મંચો તમને ગુજરાતી ભાષામાં રસ વધારવામાં ઉપયોગી છે? | 55% | 45% |
| 5. | શું આ મંચો તમને ગુજરાતી ભાષાની સમજ વધારવામાં મદદરૂપ થાય છે? | 64% | 36% |
| 6. | શું આ મંચો તમને ગુજરાતી ભાષાના વ્યાકરણ સંબંધિત જ્ઞાન વધારવામાં ઉપયોગી થાય છે? | 35% | 65% |
| 7. | શું યુટ્યુબ ચેનલો ગુજરાતી સાહિત્યના પ્રસાર માટે ઉપયોગી છે? | 85% | 15% |
| 8. | શું ગુજરાતી પોડકાસ્ટ ગુજરાતી સાહિત્યના પ્રસાર માટે ઉપયોગી છે? | 65% | 35% |

❖ પ્રિય વિષયવસ્તુ:


વાતચીત દરમિયાન

- વાર્તા – 40%
- કવિતા – 32%
- ઈન્ટરવ્યુ – 15%
- ભાષણ / ચિંતન – 13%

❖ વિશ્લેષણ અને ચર્ચા:

એકત્રિત માહિતીની ચાર્ટ સ્વરૂપે રજૂઆત:

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025




આ માહિતી પરથી એવું સ્પષ્ટ થાય છે કે યુટ્યુબની લોકપ્રિયતા પોડકાસ્ટ કરતાં વધુ છે. ખાસ કરીને વિઝ્યુઅલ સામગ્રીવાળી ચેનલો વધુ આકર્ષક બની છે. બીજી તરફ પોડકાસ્ટ મુસાફરી દરમિયાન અથવા દિવસની વ્યસ્તતામાં સાંભળી શકાય તેવા લોકો માટે લાભદાયક સાબિત થાય છે. વિવિધ યુટ્યુબ ચેનલો અને પોડકાસ્ટ નવી પેઢી સાથે સાહિત્યના સંબંધોને મજબૂત બનાવે છે. યુટ્યુબના વિડીયો ભાષાશૈલી, શબ્દ ભંડોળ, સાહિત્ય વગેરે મારફત ભાષામાં રસ જાગૃત કરે છે અને ભાષા શીખવાની તક આપે છે.

## ❖ નિષ્કર્ષ

સાહિત્ય હવે ફક્ત પુસ્તકો સુધી સીમિત નથી. યુટ્યુબ અને પોડકાસ્ટ જેવા નવીન મિડિયા માધ્યમો પેઢીઓ વચ્ચે ભાષા અને સાહિત્ય માટે જોડાણનો સેતુ બની રહે છે. ગુજરાતી ભાષામાં પણ આ ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ થયો છે. જો યોગ્ય દિશામાં આ પ્રવાહ આગળ વધે તો ભવિષ્યમાં ગુજરાતી ભાષાનું સાહિત્ય વધુ વ્યાપક અને લોકપ્રિય બની શકે છે.

## ❖ સૂચનો અને ભવિષ્યના દિશાસૂચક મુદ્દા:

1. યુવા સર્જકોને પ્રોત્સાહન આપવા ખાસ પ્લેટફોર્મ બનાવવું.
2. સાહિત્ય ક્ષેત્રના શિક્ષકો અને પ્રોફેસરોના માર્ગદર્શન હેઠળ પોડકાસ્ટ સિરીઝ વિકસાવવી.
3. સરકારી અને શૈક્ષણિક મંડળોને આ દિશામાં મંજુરી આપવી જોઈએ.

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

## ❖ સંદર્ભ:


- https://www.youtube.com/results?search_query=RDC+Gujarati
- https://www.youtube.com/results?search_query=tv9+gujarati
- https://www.youtube.com/results?search_query=ABP+Asmita
- https://www.youtube.com/channel/UCg9hylavHM3LQz41-33Nsrw
- https://www.youtube.com/watch?v=Z9yG8ODjZVE
- https://www.youtube.com/watch?v=NmklTX4XCVk
- https://www.youtube.com/watch?v=TMXv0zrIByw
- https://www.youtube.com/channel/UCFU2uDLihXiSWvrZB096DlA
- https://www.youtube.com/@MorariBapu